મોડાસા ના ઉમેદપુર દધાલિયા ગામે ખંડુજીનો ઐતિહાસિક મેળો ભરાયો હતો

અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા ના ઉમેદપુર દધાલિયા ગામે પરંપરાગત ભાદરવા માસ ના બીજા રવિવારે ખંડુજી નો ઐતિહાસિક મેળો ભરાય છે.ાંગુજરાત માં ગ્રામ્ય વિસ્તારો માં ભરાતા લોકમેળો પાછળ ઐતિહાસિક મહત્વ છુપાયેલું હોય છે ત્યારે મોડાસા તાલુકાના ઉમેદપુર દધાલિયા ગામે ૨૫૦ વર્ષ કરતા પણ વધુ સમય થી ખંડુજી નો મેળો ભરાય છે ઉમેદપુર ગામે ૨૫૦ વર્ષ કરતા પણ વધુ પૌરાણિક ખંડુજી મહાદેવ નું સ્વયંભૂ મંદિર આવેલું છે આ મંદિરે દર ભાદરવા મહિના ના બીજા રવિવાર ના દિવસે લોક મેળો યોજાય છે આ લોક મેળા પાછળ નું ઐતિહાસિક મહત્વ એ છે કે વર્ષ દરમિયાન પશુઓ માં મહામારી કે અન્ય કોઈ રોગચાળો આવે ત્યારે આ ખંડુજી મહાદેવ ના મંદિરે શ્રીફળ વધેરવા ની ખેડૂત પશુપાલકો બાધા રાખેછે આ બધા થી પશુઓ માં આવેલો કોઈપણ રોગ મટી જાય છે એવી વર્ષો ની માન્યતા છે અને સાચેજ રોગ મટી પણ જાય છે પશુઓ માં રોગ મટ્યા પછી સામુહિક બાધા કરવા માટે અરવલ્લી મહીસાગર સાબરકાંઠા મહેસાણા અને રાજસ્થાન થી હજારો ની સંખ્યા માં શ્રદ્ધાળુઓ ખંડુજી ના મેળા માં ઉમટી પડેછે અને મહાદેવ ના દર્શન કરી શ્રીફળ વધેરી બાધા પૂર્ણ કરેછે આમ અનાદિ કાળ થી ખડુંજી મહાદેવ ખાતે ભરાતો લોકમેળો ઐતિહાસિક અને લૌકિક મહત્વ ધરાવેછે આ ખંડુજી મહાદેવ સાનિધ્યે ટિકટોક કવીન અલપીતા ચૌધરી પણ ભગવાન ના સાનિધ્યે શીશ જુકાવવા માટે આવી હતી અને ભગવાન ના આશીર્વાદ લઈ પોતાના કાર્ય ક્ષેત્ર માં ખૂબ આગળ વધે એવી પ્રાર્થના કરી હતી.

ગુજરાતમાં વરસાદ હજુ યથાવત : વલસાડમાં ૭ ઈંચ

હિલસ્ટેશન સાપુતારામાં પણ અઢી ઇંચથી વધુ વરસાદ નોંધાઇ ગયો : દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પણ વરસાદી માહોલ યથાવત

અમદાવાદ, તા. ૯

દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ સહિતના ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મેઘમહેર યથાવતરીતે જારી રહી છે. વલસાડમાં છ કલાકમાં જ સાત ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ આજે જોવા મળી હતી. બીજી બાજુ રાજ્યના અનેક ભાગોમાં છ ઈંચ સુધીનો વરસાદ થયો છે. બારડોલીમાં પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે જ્યારે સોનગઢ અને ખેરગામમાં ચાર-ચાર ઈંચ વરસાદ પડ્યો છે. આવી જ રીતે ડોલવણ અને વઘઈમાં પણ ચાર-ચાર ઈંચ વરસાદ ખાબકી ગયો છે. તાપીના સોનગઢમાં ચાર ઈંચથી વધુ વરસાદથી ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. આવી જ રીતે આહવામાં પણ ચાર ઈંચથી વધુ વરસાદ થતાં જનજીવન ઉપર પ્રતિકુળ અસર થઈ છે. સાપુતારામાં અઢી ઈંચથી વધુ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં આજે ભારે વરસાદ જારી રહ્યો હતો.

રાજકોટ, ભાવનગર, પોરબંદર અને અન્યત્ર વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. આ ઉપરાંત કચ્છના મોટાભાગના વિસ્તારો અને ઉત્તર ગુજરાતના મોડાસા, મેઘરજ સહિતના વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના જે ભાગોમાં ભારે વરસાદ થયો છે જેમાં અમરેલીનો સમાવેશ થાય છે. રાજકોટમાં આજે સતત બીજા દિવસ ભારે વરસાદ થયો હતો અને બે કલાકના ગાળામાં જ બે ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ હજુ ભારે વરસાદ જારી રહી શકે છે. ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ થયો છે. સૌરાષ્ટર-કચ્છના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ અને કચ્છમાં વરસાદી માહોલ રહ્યો છે. વાયુ વાવાઝોડાને પગલે ગુજરાતમાં ચોમાસાની શરૂઆતમાં વરસાદ ખેંચાયો હતો.

પરંતુ જુલાઈ મહિનામાં ધોધમાર અને ખાસ કરીને ઓગસ્ટ મહિના વરસેલા સાર્વત્રિક વરસાદે ગુજરાત રાજ્યનું ચિત્ર બદલી નાખ્યું છે. ખાસ કરીને ઓગસ્ટ મહિનામાં અને ચાલુ સપ્ટેમ્બર માસના પ્રથમ નવ દિવસમાં મેઘરાજાએ જોરદાર ધડબડાટી બોલાવી હતી. જેને પગેલ અત્યાર સુધીમાં ગુજરાત રાજ્યમાં સીઝનનો ૧૧૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યના ૨૦૪ ડેમોમાં ૮૦.૬૯ ટકા અને સરદાર સરોવર ડેમમાં ૯૨ ટકા જળ સંગ્રહ થતા આગામી બે વર્ષ સુધી પીવાના અને સિંચાઈના પાણીનો ક્કળાટ નહિં રહે. આ વખતના ઘણા સારા અને સાર્વત્રિક વરસાદના કારણે રાજ્યના જળાશયો-ડેમોમાં ૮૦.૬૯ ટકા અને સરદાર સરોવરમાં ૯૧.૩૩ ટકા જળ સંગ્રહ થઈ ગયો છે.

ગુજરાતના ૨૦૪ ડેમોમાં ૮૧.૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. સરદાર સરોવર ડેમમાં અત્યારે ૯૧.૨૬ ટકા પાણી ભરાયું છે. જેથી બે વર્ષ સુધી પીવાના અને સિંચાઈના પાણીનો ક્કળાટ નહિં રહે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૯૫.૮૨ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમોમાં ૮૭.૧૫ ટકા, કચ્છના ૨૦ ડેમોમાં ૭૫.૩૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૩૯ ડેમોમાં ૭૫ ટકા અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૮.૬૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહ થયો છે. ગુજરાતમાં અત્યાર સુધી સીઝનનો ૮૯૮ મિમી એટલે કે ૧૧૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જેથી ગુજરાતના

પ્રાંતિજ સાદોલીયા સાબરમતી નદીમાં ડુબેલ ચારેય મૃત હાલતમાં મળી આવ્યા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલીયા પાસે સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન કરવા માટે આવેલ હિંમતનગરના ગઢોડાના ત્રણ યુવક તથા એક આધેડનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. પ્રાંતિજ-હિંમતનગર-

હિંમતનગરના ગઢોડા ગામમાં રહેતા કેટલાક લોકો ગણેશ વિસર્જન માટે અહીં આવ્યાં હતાં અને ગણેશની મૂર્તિનું વિસર્જન બાદ ત્રણ યુવકો સંજય બાબુભાઈ પટેલ ઉ.વર્ષ-૧૭ રહે. ગોધરા, સૂરજ પ્રકાશભાઈ પટેલ ઉ.વર્ષ-૧૫ રહે.ગઢોડા, અજયભાઈ ઈશ્વરભાઈ રાવળ રહે. ઉ વર્ષ-૨૨ પાણી જોઈને પાણીમાં ન્હાવા પડયા હતાં જેમાં ત્રણેય યુવકો ડુબવા લાગતા બુમાબુમ થતા સાથે આવેલમાંથી ગાંડાભાઈ રાવળ રહે. જંત્રાલ ઉ.વર્ષ-૫૫ પાણી માં બચાવવા માટે ગયાં હતાં પણ પાણી ઉંડુ હોવાથી તેવો પણ પાણીમાં ડુબાર્યા હતાં અને ચારેય પાણીમાં ગરકાવ થયો હતો. આ અંગેની જાણ પ્રાંતિજ ફાયર ટીમ તથા પ્રાંતિજ પોલીસ તથા ૧૦૮ કરવામાં આવતા ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. પ્રાંતિજ ટીમ દ્વારા શોધખોળ હાથ ધરતાં ચારેય યુવકની મૃત હાલતમાં મળી આવ્યા હતા.

બીજા દિવસે પ્રાંતિજ-હિંમતનગર-માણસા ટીમ દ્વારા શોધખોળ હાથ ધરવામા આવી હતી જેમાં એક યુવકની મૃત હાલતમાં લાશ મળી આવી હતી અને ત્યારબાદ યુવક અને આધેડની લાશ પણ મૃતક હાલતમાં મળી આવી હતી. માણસા પોલીસ સ્ટેશનની હદ લાગતા માણસ પોલીસે ગુનો નોધી મૃતકોને માણસા પીએમઅર્થે મોકલી આપ્યા હતા.

ભાદરવી પૂનમના મેળા નિમિતે માઈભક્તોને તકલીફ ના પડે તે માટે આગોતરૂ આયોજન

અંબાજી, તા. ૯

આગામી ભાદરવી પૂનમના મેળા નિમિતે પાલનપુર નગરમાંથી મા અંબાના ધામ અંબાજી જવા માટે અંદાજે દસ લાખ માઈભક્તો પસાર થવાના હોઈ નગરપાલિકા સ્ટ્રીટલાઈટ

સમિતિની ટીમ દ્વારા મેળાના રૂટની તમામ લાઈનોનું આવતા દિવાળીના તહેવારો જ નહીં તે ઉતરાંત પણ સતત પ્રોપર ચેકીંગ ચાલુ રહે તે માટે સ્ટ્રીટલાઇટ સમિતિના ચેરમેન શ્રીમતી ભારતીબેન ઠાકોરે એક અગત્યની મીટીંગ બોલાવી જરૂરી ઈન્સ્ટ્રકશન આપ્યા હતા તે ઉપરાંત નગરની પ્રજાને પણ નમ્ર અપીલ કરી હતી કે તમામ માઈભક્તોને તકલીફ ના પડે અને તેઓ આપણા નગરની સારી છાપ લઈને જાય તે માટે આપના વિસ્તારની સ્ટ્રીટલાઇટને લગતી કોઈપણ કંમ્પ્લેઇન હોય તો તાત્કાલિક અમને અહીં જણાવેલ વિગતો અમારા મોબાઈલ નંબર ઉપર વોટ્સએપ કરો અને વધુમાં એક અગત્યની જાહેરાત પણ કરી હતી કે પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારના તમામ રહીશોને નમ્ર અપીલ કે સ્ટ્રીટલાઇટ લાઇટની કમ્પ્લેઈન્સ માટે અમારો ફોન બંધ હતો કે અમે મિટિંગમાં હતાં એટલે તમારો ફોન ના ઉપાડી શક્યા કે અમને તમારી કમ્પ્લેઈનની કોઇ જાણ જ નથી કે અમને તમારી કમ્પ્લેઈન મળી જ નથી કે તમે કોઈ કમ્પ્લેઈન લખાવી જ નથી જેવા કોઈપણ બહાના કાઢીને અમને સોંપેલી જવાબદારીમાંથી અમે છટકી ના શકીએ તે માટે આપના વિસ્તારમાં કોઈપણ સ્ટ્રીટલાઇટ બંધ હોય તો સરળતાથી તેના નિવારણ માટે અહીં જણાવેલી વિગતો ૮૯૮૦૭૯૮૫૮૩ મોબાઈલ નંબર ઉપર વોટ્સએપ કરી શકો છો. ૪૮ કલાકમાં (રજાના દિવસો બાદ કરતા) તેનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

ડીસામાં શ્રીજીની મૂર્તિનું વિસર્જન

ભાદરવા સુદ ગણેશ ચતુર્થીના દિવસે ડીસાવાસીઓએ ઘેર ઘેર શ્રીજીની વાજતે ગાજતે

વિધિવત સ્થાપના કરી હતી અને સવાર-સાંજ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારે ગત રોજ જલ ઝીલણી અગિયારસના દિવસે ગણપતિ દાદાની શોભાયાત્રા કાઢી વિશ્વેશ્વર બનાસ નદી ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું. ત્યારે ડીસા લોધા યુવક મંડળ અને લોધેસ્વર યુવક મંડળ દ્વારા પણ ગણપતિ દાદા મોરિયાના નાદ સાથે વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં લોધા સમાજના યુવાનો તેમજ મોટી સંખ્યામાં બહેનો પણ શોભાયાત્રામાં જોડાઈ હતી. ત્યારબાદ વિશ્વેશ્વર ખાતે શ્રીજીની મૂર્તિનું વિધિવત વિસર્જન કરવામાં આવ્યું હતું.

ચુડાસમાએ હાઈકોર્ટ સમક્ષ દુ:ખ વ્યકત કરી માફી માંગી

અમદાવાદ, તા.૯

ધોળકા વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અને હાલના રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જીતને પડકારતી ઈલેકશન પિટિશનની સુનાવણી દરમ્યાન આજે એક તબક્કે ચુડાસમાએ હાઈકોર્ટની બિનશરતી માફી માંગી હતી. આજે આ કેસની સુનાવણી દરમ્યાન રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રૂબરૂ અદાલત સમક્ષ હાજર રહ્યા હતા અને દિવસ દરમ્યાન તેમની ઉલટતપાસ ચાલી હતી. અરજદાર કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડના વકીલ તરફથી કેટલાક મહત્વના અને વેધક સવાલો અને પૃચ્છા ચુડાસમાને કરવામાં આવ્યા હતા. જેનો જવાબ આપવાનો અને ટાળવાનો પણ ચુડાસમાએ પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન અગાઉ ચુડાસમાએ સુપ્રીમકોર્ટ સમક્ષ કરેલી પિટિશનમાં હાઈકોર્ટની કામગીરી સામે ઉઠાવાયેલા વાંધા મુદ્દે હાઈકોર્ટની માફી માંગી ભારે દિલગીરી વ્યકત કરી હતી. ચુડાસમાનો એવીડેન્સ રેકોર્ડ કર્યા બાદ હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૨મી સપ્ટેમ્બરે રાખી હતી. ભૂપેન્દ્રસિંહની જુબાની દરમ્યાન એક તબક્કે હાઈકોર્ટે તેમને બહુ માર્મિક ટકોર કરી હતી કે, કોર્ટમાં વકીલના સવાલનો જ જવાબ આપો. વકીલ સવાલ કરે એ પહેલા ન બોલો, આ કોર્ટનો નિયમ છે. કોર્ટમાં વિવેક જાળવી જવાબ આપો. જયારે ભૂપેન્દ્રસિંહે કહ્યું કે, પોસ્ટલ બેલેટ રિજેક્ટ થયા તે ઈલેક્શન કમિશનની ગાઈડ લાઈન મુજબ થયા હતા. તેમાં બીજું કોઈ કારણ ન હતું. અરજદારના વકીલ તરફથી પૃચ્છા કરાઈ કે, ચૂંટણી દરમ્યાન કેન્દ્રીય ચૂંટણી પંચના નિયમનો અને માર્ગદર્શિકાઓનું ગંભીર રીતે ઉલ્લંઘન થયુ હતુ તે આપ જાણો છો..જેના પ્રત્યુત્તરમાં ચુડાસમાએ જણાવ્યું કે, એ મને બહુ ખબર નથી કારણ કે, રિટર્નીંગ ઓફિસર તે વધુ સારી રીતે જાણે અને મેં આરઓ સાથે એ વખતે વાત કરી ન હતી.

કોંગ્રેસના અરજદાર ઉમેદવાર તરફથી સિનિયર એડવોકેટ પરસી કાવીના અને એડવોકેટ શાર્વિલ પી.મજમુદારે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની મહત્વની ઉલટતપાસ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જીતને પડકારતી પિટિશન કર્યા બાદ તેને કાઢી નાખવાની ચુડાસમાની દાદને હાઈકોર્ટે ફગાવ્યા બાદ અગાઉ શિક્ષણમંત્રીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમકોર્ટમાં કરેલી પિટિશનમાં હાઈકોર્ટની કામગીરી સામે વાંધો ઉઠાવ્યા બાદ આજે હાઈકોર્ટમાં શિક્ષણ અને કાયદામંત્રી ભૂપેન્દ્રસિંહે હાઈકોર્ટની માફી માગી હતી. સાથે સાથે તેમણે હું ગુજરાતીમાં જવાબ આપીશ તેવી કોર્ટમાં રજૂઆત કરી હતી. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કોર્ટમાં જણાવ્યું હતું કે, મારી ભૂલ બદલ હું દિલગીર છું, તો સામે હાઈકોર્ટે કહ્યું કે, આપ માફી માંગો એ કોર્ટ માટે જરૂરી નથી. દરમ્યાન ભૂપેન્દ્રસિંહને અરજદાર અશ્વિન રાઠોડના વકીલે સવાલ કર્યો હતો કે, હું તમને ઈંગ્લિશમાં સવાલ કરું કે, ગુજરાતીમાં ? ત્યારે ચુડાસમાએ જણાવ્યું કે, હું ગુજરાતીમાં જવાબ આપીશ.

સાથે સાથે કોર્ટ રૂમમાં અરજદારે જમા કરાવેલી સીડીના ફૂટેજ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને બતાવ્યા હતા અને તેમની પુછપરછ થઈ હતી. જેમાં રાઠોડના વકીલે ચુડાસમાને પૂછ્યું હતું કે, વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીની મતગણતરીમાં ઈવીએમમાં તમારા કેટલા મત હતા. જેના જવાબમાં ભૂપેન્દ્રસિંહે કહ્યું કે, ઈવીએમમાં ૭૧,૫૩૦ મત હતા. જેમાંથી અશ્વિન રાઠોડને ૭૧, ૨૦૩ મત મળ્યા હતા. મારી જીત ખૂબ નાના માર્જિનથી થઈ હતી. લોકો એક મતથી પણ જીતે છે. વકીલે પૂછ્યું કે, હાલ કયા ખાતા સાંભળો છો, જેના જવાબમાં ભૂપેન્દ્રસિંહે કહ્યું કે, હું હાલ શિક્ષણ, કાયદો અને સંસદીય બાબતો સંભાળુ છું. ચુડાસમાએ કોર્ટમાં માફી માંગતા જણાવ્યું હતું કે, સોગંદનામાંના સવાલ બાદ કોર્ટે કરી ચુડાસમાને ટકોર કરી હતી. ત્યારબાદ ચુડાસણાએ જણાવ્યું કે, સોગંદનામું મારા આસિસ્ટન્ટએ તૈયાર કર્યુ હતું.

રમખાણ કેસ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફરી ખોલવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે તેમની રજૂઆત બાદ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા નોટિફિકેશન જારી કરવામાં આવી ચુક્યા છે. કમલનાથ સામે નવેસરથી પુરાવા પર વિચારણા કરવા અને કેસ નંબર ૬૦૧-૮૪ને ખોલવામાં આવી રહ્યો છે. દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટિના પ્રમુખ સિરસાએ કહ્યુંછે કે, સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા કમલનાથ સામે તપાસ કરવામાં આવી રહી છે. કેસને ફરી ખોલવા બદલ સીટને તેઓ અભિનંદન આપવા ઈચ્છુક છે. કમલનાથને શીખોની હત્યા કરતા જોનાર સાક્ષીઓ પણ આગળ આવવા ઈચ્છુક બન્યા છે. કમલનાથના હિંસાત્મક વર્તન વેળા સાક્ષી રહેલા લોકોને આગળ આવીને સાક્ષી બનવા અપીલ કરવામાં આવી રહી છે. અન્ય ટ્વિટમાં સિરસાએ કહ્યું છે કે, ભયભીત થવાની જરૂર નથી. ટૂંક સમયમાં જ કમલનાથની પણ ધરપકડ કરવામાં આવશે. જે રીતે સજ્જનકુમારની મુશ્કેલી વધી તેવી જ રીતે કમલનાથની પણ હાલત થશે. ત્રણ વખતના કોંગ્રેસી સાંસદ સજ્જનકુમારને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણ કેસમાં ભૂમિકા બદલ આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. સિરસાએ કમલનાથને મુખ્યમંત્રી તરીકે રાખવા બદલ કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢી છે.

બે ઇંચ વરસાદ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભાદરવામાં ભરપુર વરસતા જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડુતોમાં પણ આનંદની લાગણી વ્યાપી છે. છેલ્લા બે ચાર દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે રોજબરોજ વરસાદ હાજરી પુરાવે છે. ગઈકાલે રાત્રિના મેઘરાજા મુશળધાર વરસ્યા હતા. બે કલાકમાં જ ૫૫ મી મી વરસાદ થયો હતો જેના લીધે શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોની શેરીઓમાં વરસાદી પાણી ઉભરાયા હતા. જયારે મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ભરાતા જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૯૦ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત ૨૫ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. ત્યારે પુરતા વરસાદના લીધે ખેડુતોમાં પણ હાંશકારો પ્રવર્તયો છે.

સંતાપ અકળાવશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવે છે. જ્યાં ક્રાંતિવૃત્ત અને વિષવવૃતનુ ક્રોસીંગ થતુ હોય તે બિન્દુ ઉપર સૂર્ય આવે ત્યારે આવુ એક ક્રોસિંગ વસંત ઋતુમાં થાય છે. અને જ્યારે સૂર્ય દક્ષિણગોલમાંથી વિષવવૃત ઓળંગીને ઉત્તરગોલમાં પ્રવેશે છે તેને વસંત સંપાત કહે છે. જ્યારે સૂર્ય સાવન તુલા રાશીમાં પ્રવેશતા વિષયવૃત્તનું ક્રોસિંગ કરીને દક્ષિણગોલમાં પ્રવેશે છે તેને શરદસંપાત કહે છે. શરદસંપાત તા. ૨૩ સપ્ટેમ્બર સાયન તુલામાં સૂર્ય આવતાં ૧૩ કલાક અને ૨૧ મિનિટે શરદસંપાત ગણાશે અને ૨૧મી માર્ચે વસંત સંપાત ગણાશે. શરદસંપાતમાં અકળાવનારો તાપ પડશે. (આગાહી ભૌગોલિક બાબતો તેમજ ગ્રહોને આસરીને અનુમાન કરેલ છે. ઉત્પાત સબંધી નથી.

નંબર પ્લેટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરવામાં આવ્યુ હતુ. પરંતુ વાહનચાલકોને આ વાતની જાણ ન હોવાથી કેમ્પનુ આયોજન સફળ થઈ શક્યુ ન હતુ. આાગામી શનિ- રવિવારે પણ આ અન્વયે કેમ્પનુ આયોજન કરાયુ છે. અગાઉ પણ કેમ્પના માધ્યમથી વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવામાં આવી હતી. જેના અંતે હાલની સ્થિતિ એ ૪૧ હજાર જેટલા વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાની બાકી છે. આગામી દિવસોમાં બાકી રહેતા વાહનોમાં પણ એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવામાં આવશે.

વિક્રમ લેન્ડર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુધી સંપર્ક કરવાની બાબત પુરતી દેખાઈ રહી નથી. આશા ખુબ ઓછી છે. જો કે, વિક્રમે સોફ્ટ લેન્ડિંગ કરી છે તો યોગ્ય રીતે કામ કરી શક્યું હોત. તે વખતે જ સંપર્ક કરી શકાય છે. હાલમાં કંઇ પણ કહી શકાય તેમ નથી. જાણકાર લોકોનું કહેવું છે જો વિક્રમના એન્ટીનાની દિશા યોગ્ય હશે તો કામગીરી વધુ સરળ બની જશે. એન્ટીનાની દિશા જો ગ્રાઉન્ડ સ્ટેશન અથવા ઓર્બીટરની તરફ રહેશે તો કામ સરળ બનશે. આ પ્રકારના ઓપરેશન ખુબ જ મુશ્કેલ હોય છે પરંતુ આશા દેખાઈ રહી છે. અમે પ્રાર્થના કરી રહ્યા છે. અમારી કેટલીક મર્યાદા છે. અમને જીઓ સ્ટેશનરી ઓર્બીટમાં ગુમ થયેલા એક સ્પેશ ક્રાફ્ટને શોધવાનો અનુભવ છે પરંતુ ચંદ્ર પર આ પ્રકારના ઓપરેશન મુશ્કેલ હોય છે. આ ચંદ્ર ઉપર છે અને અમે તેને સ્પર્શ કરી શકતા નથી. વિક્રમમાં ઉર્જા ખતમ થઈ રહી છે જેની કોઈ ચિંતા નથી કારણ કે તેમાં સોલાર પેનલ લાગેલા છે અને અંદરની બેટરી પણ વધારે ઉપયોગમાં આવી નથી. ૬-૭મી સપ્ટેમ્બરના રાત્રે જ્યારે વિક્રમ લેન્ડર પૂર્વ નિર્ધારિત સમય પ્રક્રિયા મુજબ ચંદ્રની સપાટી તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે એકાએક ઈસરોનો સંપર્ક તુટી ગયો હતો. તે વખતે ચંદ્રની સપાટીથી વિક્રમનું અંતર ૨.૧ કિલોમીટર રહી ગયું હતું. ઈસરો વિક્રમથી ફરીવાર સંપર્ક સુધારવાના પ્રયાસમાં છે. આગામી ૧૨ દિવસ મહત્વપૂર્ણ બની શકે છે. ઈસરોની સામે પણ અનેક વિકલ્પો રહેલા છે.

મુક્ત કર્યો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આંતરરાષ્ટ્રીય દબાણમાં આવીને મસૂદ અઝહરની ધરપકડનું નાટક કર્યુ હતું.

ભારતીય ખાનગી એજન્સી આઈબીએ જમ્મુ અને રાજસ્થાન બોર્ડર પર આતંકી ઘૂસણખોરી અને બ્લાસ્ટ વિશે એલર્ટ જાહેર કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આઈબીના બે અધિકારીઓએ કહ્યું છે કે, જૈશ-એ-મોહમ્મદના પ્રમુખ મસૂદ અઝહરને છોડી દેવામાં આવ્યો છે. તે સાથે જ પાકિસ્તાને જમ્મુ અને રાજસ્થાન સેક્ટરમાં તેમના વધુ સૈનિકો તહેનાત કરી દીધા છે.

સલામતી વ્યવસ્થા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સંવેદનશીલ વિસ્તારમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. આવતીકાલે મંગળવારના દિવસે મોહર્રમ તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે તંત્રને હિંસા થવાની દહેશત સતાવી રહી છે. જેના કારણે તમામ વિસ્તારોમાં સંચારબંધી જેવી સુરક્ષા ગોઠવામાં આવી છે. વિવિધ કલમો લાગુ કરવામાં આવી છે. ખીણમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. શ્રીનગરના લાલ ચોકના વાણિજ્ય કેન્દ્રો અને આસપાસના વિસ્તારોમાં તમામ પ્રવેશના સ્થળો પર તારબંધી કરી દેવામાં આવી છે. શહેર અને ખીણમાં મોહર્રમના જુલુસને રોકવા માટે તંત્ર સજ્જ છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદથી કાશ્મીરમાં સ્થિતીને સામાન્ય બનાવવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ પાચમી ઓગષ્ટના દિવસથી રાજ્યમાં અનેક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા હતા.

ભારે વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્કુલ અને કોલેજોને બંધ કરી દેવામાં આવ્યા છે. તમામ પરીક્ષાઓને પણ મોકૂફ કરવામાં આવી છે. તમામ સરકારી, ખાનગી, સીબીએસઈ અને અન્ય સ્કુલો બંધ રાખવામાં આવી રહી છે. ઈટારસીના રાજકીય રેલવે પોલીસના કહેવા મુજબ પાંચ આરોપી રવિવારના દિવસે પાણીમાં ડુબી ગયા બાદ તેમને પહેલા માળ ઉપર લઈ જવામાં આવ્યા હતા. કસ્ટડીમાં રાખવામાં આવેલા આરોપીઓ પાણીમાં ડુબી જતાં તેમને તરત જ ઉપર ખસેડવામાં આવ્યા હતા. બે આરોપીઓને મોબાઈલ ફોન ચોરીના આરોપમાં પકડી લેવામાં આવ્યા હતા. કોલાર ક્ષેત્રમાં ૨૦ પરિવારોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. હરદા જિલ્લામાં જેલમાં પણ પાણી ઘુસી ગયા છે જેથી કેદીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.